GCCI
2019-20

# Gujarat Chamber of Commerce & Industry

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad - 380 009. INDIA.
079-2658 2301/2/3/4, 2658 0527 **Fax No.** 079-2658 7992
gcci@gujaratchamber.org | www.gujaratchamber.org

12289

## Press Note

તા. ૧૦-૧-૨૦૨૦

આજ રોજ તા. ૧૦-૧-૨૦૨૦ના રોજ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, ગુજરાત ઇનોવેશન સોસાયટી તથા ધી ટેક્ષટાઇલ એસોસીયેશન(ઇન્ડિયા) ના સંયુક્ત ઉપક્રમે ડૉ. કિરીટભાઇ સોલંકી, સાંસદ સભ્ય, અમદાવાદ પશ્ચિમ ઝોન તથા શ્રી હસમુખભાઇ પટેલ સાંસદ સભ્ય અમદાવાદ પૂર્વ ઝોન સાથે "રૂબરૂ" પરિસંવાદ ના કાર્યક્રમનું GCCI ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અતિથિ વિશેષ તરીકે શ્રી અભિજીત સિંહા, નેશનલ પ્રોગ્રામ ડાયરેક્ટર, Ease of Doing Business, ભારત સરકાર તથા પ્રોજેક્ટ ડાયરેક્ટર, નેશનલ હાઇવે ફોર ઇલેક્ટ્રીક વ્હીકલ,ભારત સરકાર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના સ્વાગત પ્રવચનમાં ગુજરાત ચેમ્બરના ઉપ-પ્રમુખ શ્રી ભાર્ગવ ઠક્કરે "રૂબરૂ" કાર્યક્રમના આયોજનનો મુખ્ય હેતુ સરકાર અને વેપારીઓ વચ્ચે Ease of Doing Business અંગેની સરકાર અને વેપાર-ઉદ્યોગના પ્રતિનિધિઓ વચ્ચે પરસ્પર સંવાદ અને તેમના પ્રશ્નોના ઉકેલ રજુ કરવાનો હતો. કાર્યક્રમમાં શ્રી સુનિલ શાહ, ચેરમેન, ગુજરાત ઇનોવેશન સોસાયટી એ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું.

કાર્યક્રમના અતિથિ વિશેષ શ્રી અભિજીત સિંહાએ સરકાર દ્વારા Ease of Doing Business માટે ચાલી રહેલા વિવિધ પ્રોજેક્ટ્સની માહિતી આપી હતી તથા ઇ-મોબીલીટી કેમ્પેઇન વિષેની ચર્ચા કરી હતી. માનનીય સભ્ય ડૉ. કિરીટભાઇ સોલંકી તથા શ્રી હસમુખભાઇ પટેલે પોતાના વક્તવ્યમાં આવા કાર્યક્રમના આયોજન બદલ ચેમ્બર અને અન્ય આયોજકોનો આભાર માન્યો હતો. આવા પ્રોગ્રામ થકી સરકાર અને વેપારીઓ વચ્ચેના સીધા સંપર્કથી ઘણાં બધા પ્રશ્નોનો સહેલાઇથી ઉકેલ મળી રહે છે જે દેશના વિકાસ માટે ખુબજ મદદરૂપ બની રહે છે તેમ જણાવ્યું હતું.

કાર્યક્રમમાં પ્રશ્નોત્તરી સત્રનું સંચાલન ગુજરાત ચેમ્બરના માનદ્-મંત્રી શ્રી સંજીવ છાજરે કર્યું હતું. જેમાં વિવિધ એસોસીયેશનમાંથી આવેલા પ્રતિનિધિઓએ કેમીકલ, પર્યાવરણ, આઇ.ટી., ટેક્ષટાઇલ, જીએસટી, બ્રીક્સ, વિગેરે દ્વારા સૂચનો અને તેમને પડતી મુશ્કેલીઓના નિરાકરણ માટેની રજૂઆત કરી હતી જેની માનનીય સંસદ સભ્યશ્રીઓ તથા શ્રી અભિજીત સિંહા દ્વારા નોંધ લેવામાં આવી હતી તથા તેની સરકાર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે તેવી ખાત્રી આપી હતી.

અંતમાં શ્રી હરિશ શાહ, સેક્રેટરી, ટેક્ષટાઇલ એસોસીયેશન, અમદાવાદ યુનિટ દ્વારા આભાર વિધિ સંપન્ન કરવામાં આવી હતી.

**તંત્રીશ્રી/ચીફ રીપોર્ટરશ્રી/કોમર્શીયલ એડીટરશ્રી/બ્યૂરો ચીફ/ન્યૂઝ એડીટરશ્રી,**
**યોગ્ય પ્રસિદ્ધિ સારુ વિનંતી સહ રવાના,**

**તન્મય મહેતા**
*સેક્રેટરી જનરલ*